Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue : 6 • Date : 29-06-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

### હાઈવે પર બનેલી એરસ્ટ્રીપનો ઉપયોગ ફાઈટર જેટ માટે કરાશે

## દેશમાં હાઈવે પર ૩૫ એરસ્ટ્રીપ્સ બનાવવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય

### જમ્મુ-કાશ્મીર, રાજસ્થાન, પ. બંગાળ, તમિલનાડુ, આંધ્ર, ગુજરાત, હરિયાણા અને પંજાબમાં એરસ્ટ્રીપ્સ બનાવાશે



ANI

નવી દિલ્હી

કેન્દ્ર સરકારે દેશભરમાં હાઈવે પર ૩૫ એરસ્ટ્રીપ્સ બનાવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે જેમા જમ્મુ-કાશ્મીર, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, ગુજરાત, હરિયાણા અને પંજાબમાં ઈમરજન્સી લેન્ડિંગ માટે આવી એરસ્ટ્રીપ્સ તૈયાર કરવામાં આવી રહી છે.

હવે દેશભરમાં વ્યૂહાત્મક મહત્વ અને ભૌગોલિક જરૂરિયાતો અનુસાર નેશનલ હાઈવેને રનવે તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે. આ માટે કેન્દ્ર સરકાર દેશભરમાં નેશનલ હાઈવે પર ૩૫ એરસ્ટ્રીપ્સ બનાવવામાં આવી રહી છે જેથી ઈમરજન્સી દરમિયાન ફાઈટર જેટ લેન્ડ થઈ શકે. ખાસ કરીને દેશના સરહદી રાજમાર્ગો પર એરસ્ટ્રીપ બનાવવા પર વધુ ભાર મૂકવામાં આવી રહ્યો છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે કટોકટીની સ્થિતિમાં હાઈવે પર ટ્રાફિકની અવરજવર બંધ કરી દેવામાં આવશે અને હાઈવે પર બનેલી એરસ્ટ્રીપનો ઉપયોગ ફાઈટર જેટ માટે કરવામાં આવશે.

કેન્દ્ર સરકારે આ માટે દેશભરમાં હાઈવે પર ૩૫ એરસ્ટ્રીપ્સ બનાવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે જેમાં જમ્મુ-કાશ્મીરથી લઈને દેશના અનેક રાજ્યોમાં યુદ્ધના ધોરણે કામ ચાલી રહ્યું છે. જેમાંથી ૧૫ જેટલા કામો પૂર્ણ થયા છે જ્યારે હજુ કેટલીક એરસ્ટ્રીપ્સ છે જેના માટે એરફોર્સ પાસેથી મંજૂરી લેવામાં આવી રહી છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે તેમણે આ માટે વડાપ્રધાન મોદીને પણ વિનંતી કરી છે. જેથી એરસ્ટ્રીપ બનાવવામાં કોઈ અડચણ ન આવે નહીં.

કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું હતું કે આ એરસ્ટ્રીપનો ઉપયોગ એ જ રીતે કરવામાં આવશે જે રીતે ટ્રેન આવે ત્યારે રેલવે ફાટક બંધ કરવામાં આવે છે તેમજ ટ્રેન જતી રહ્યા બાદ જ તેને ખોલવામાં આવે છે અને ટ્રાફિક શરૂ થાય છે. હાઈવે પરની એરસ્ટ્રીપ એવી રીતે તૈયાર કરવામાં આવી છે કે ઈમરજન્સીની સ્થિતિમાં ટ્રાફિકને રોકીને વિમાનનું લેન્ડિંગ અને ટેક-ઓફ થઈ શકે.રાજસ્થાનમાં વર્ષ ૨૦૨૧માં નેશનલ હાઈવે પર પ્રથમ ઈમરજન્સી એરસ્ટ્રીપ શરૂ કરવામાં આવી હતી જેનું ઉદ્‌ઘાટન સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને કેન્દ્રીય માર્ગ અને પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ એરફોર્સના સી-૧૩૦જેસુપર હર્ક્યુલસથી ઉતરાણ કરીને કર્યું હતું.

જમ્મુ અને કાશ્મીરમાં બિજબેહારા-ચિનાર બાગ હાઈવે, દિલ્હીમાં દિલ્હી-મુરાદાબાદ હાઈવે, ઉત્તરાખંડમાં રામપુર-કાઠગોદામ હાઈવે, ઉત્તર પ્રદેશમાં લખનઉ-વારાણસી હાઈવે, બિહારમાં કિશનગંજ-ઈસ્લામપુર હાઈવે, ઝારખંડમાં જમશેદપુર-બાલાસોર હાઈવે, પશ્ચિમ બંગાળમાં ખડગપુર-કિયોંઝર હાઈવે, આસામમાં મોહનબારી-તિનસુકિયા હાઈવે, ઓડિશામાં છતરપુર-દિઘા હાઈવે, રાજસ્થાનમાં ફલોદી-જેસલમેર હાઈવે, ગુજરાતમાં દ્વારકા-માળિયા હાઈવે, આંધ્રપ્રદેશમાં વિજયવાડા-રાજમુન્દ્રી હાઈવે અને તમિલનાડુમાં ચેન્નઈ-પુડુચેરી હાઈવે પર એરસ્ટ્રીપ્સ બનાવવામાં આવી રહી છે.

નેશનલ હાઈવે પર એરસ્ટ્રીપનો ફાયદો એ થશે કે ઈમરજન્સીની સ્થિતિમાં તાત્કાલિક મોબિલાઈઝેશન થઈ શકશે. ખાસ કરીને યુદ્ધની સ્થિતિમાં સરહદી વિસ્તારોમાં પહોંચવામાં સરળતા રહેશે. ભારત વિશ્વના એવા કેટલાક દેશોમાંથી એક છે જ્યાં હાઈવે પર એરસ્ટ્રીપ બનાવવામાં આવી છે. યમુના એક્સપ્રેસ વે પર ૨૧મે ૨૦૧૫ના રોજ મિરાજ-૨૦૦૦નું લેન્ડિંગ થયુ હતું. આ પહેલીવાર હતું જ્યારે ભારતીય વાયુસેનાએ ફાઈટર પ્લેનને રોડ પર લેન્ડ કર્યું હતું. આ ઉપરાંત ૨૧ નવેમ્બર ૨૦૧૬ના રોજ લખનઉ-આગ્રા એક્સપ્રેસ વેના ઉદ્‌ઘાટન દરમિયાન મિરાજ અને સુખોઈ અહીં નીચે ઉતર્યા હતા. જ્યારે ૨૪ ઓક્ટોબર ૨૦૧૭ના રોજ આગ્રા-લખનઉ એક્સપ્રેસ વે પર વાયુસેનાનું સૌથી મોટું ટચડાઉન થયું જ્યા અહીં સુપર હરક્યુલસ સહિત ૧૭ ફાઈટર પ્લેન લાવવામાં આવ્યા હતા.

## દિલ્હીનું ૬૩ વર્ષ જૂનું હરણ પાર્ક હવે બંધ કરી દેવાશે

નવી દિલ્હી

દિલ્હીનું ૬૩ વર્ષ જૂનું મિની પ્રાણી સંગ્રહાલય હરણ પાર્ક હવે બંધ થવા જઈ રહ્યુ છે. કેન્દ્રના અધિકારીઓએ ડિયર પાર્કની માન્યતા રદ કરી દીધી છે. જે બાદ હવે ત્યાં હાજર હરણોને રાજસ્થાન અને દિલ્હીના જંગલોમાં છોડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પાર્કની માન્યતા રદ કરવાનું કારણ ઝડપથી વધતા પ્રાણીઓની સંખ્યા અને મેન પાવરની અછતને ગણાવાયુ છે. પાર્કની માન્યતા રદ કરવાનો આદેશ પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના અંતર્ગત આવતા સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી (સીઝેડએ) એ જાહેર કર્યો છે. આ પાર્કમાં ૧૯૬૦ના દાયકામાં છ હરણ લાવવામાં આવ્યા હતા. સમય સાથે હવે તેની સંખ્યા લગભગ ૬૦૦ થઈ ગઈ છે. સીઝેડએએ ૮ જૂને ડિયર પાર્કની મિની પ્રાણી સંગ્રહાલય તરીકે માન્યતા રદ કરવાનો આદેશ જારી કર્યો હતો. આ પાર્કને મોટાભાગે એએન ઝા ડિયર પાર્કના નામથી ઓળખવામાં આવે છે. દક્ષિણ દિલ્હીના હૌજ ખાસ વિસ્તારમાં સ્થિત આ પાર્કમાં પરિવાર પિકનિક મનાવવા કે હેન્ગઆઉટ કરવા માટે આવે છે. આ પાર્ક દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી (ડીડીએ) ના અધિકાર વિસ્તારમાં આવે છે.

જોકે ડીડીએના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યુ કે પાર્કનું પરિસર પહેલાની જેમ વિઝિટર્સ માટે ખુલ્લુ રહેશે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર પ્રાણીઓની સંખ્યામાં ઝડપથી થતો વધારો અને બીમારી ફેલાવાની સંભાવનાના કારણે આની માન્યતા રદ કરવામાં આવી છે. ત્યાં ટ્રેન્ડ કર્મચારીઓની પણ અછત હતી. પાર્કમાંથી ૭૦ ટકા પ્રાણીઓને રાજસ્થાનમાં છોડવામાં આવશે જ્યારે ૩૦ ટકાને દિલ્હી-એનસીઆરના જંગલોમાં છોડવામાં આવશે.

### મોદીના સમાન નાગરિક સંહિતા અંગે નિવેદન બાદ વિવાદ

## ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે તત્કાળ બેઠક બોલાવી

### યુનિફોર્મ સિવિલ કોડના કાયદાકીય પાસાઓ પર ચર્ચા કરવામાં આવી, બોર્ડ પોતાનો આખો ડ્રાફ્ટ તૈયાર કરશે

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા યુનિફોર્મ સિવિલ કોડ એટલે કે સમાન નાગરિક સંહિતા અંગે નિવેદન આપ્યા બાદ ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે તાત્કાલિક બેઠક બોલાવી. યુનિફોર્મ સિવિલ કોડના મુદ્દે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડની આ મીટિંગ લગભગ ૩ કલાક ચાલી. મીટિંગમાં યુનિફોર્મ સિવિલ કોડના કાયદાકીય પાસાઓ પર ચર્ચા કરવામાં આવી. આ દરમિયાન બોર્ડ સાથે જોડાયેલા વકીલોએ પણ પોતાનો મત મૂક્યો. મીટિંગમાં નિર્ણય લેવાયો કે બોર્ડ પોતાનો એક આખો ડ્રાફ્ટ તૈયાર કરશે.

જે બાદ ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ સાથે જોડાયેલા લોકો લો કમિશનના અધ્યક્ષને મળવાનો સમય માંગશે. આ દરમિયાન બોર્ડ પોતાનો ડ્રાફ્ટ લો કમિશનને આપશે. શરીયતના જરૂરી ભાગોનો આ ડ્રાફ્ટમાં ઉલ્લેખ હશે. બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદન પર જ ચર્ચા કરવામાં આવી. વિપક્ષને પણ યુનિફોર્મ સિવિલ કોડનો મુદ્દો સંસદમાં ઉઠાવવાની વિનંતી કરવામાં આવશે.

પીએમ મોદીએ યુનિફોર્મ સિવિલ કોડનો વિરોધ કરનાર પર કટાક્ષ કરતા કહ્યુ કે તે લોકો પોતાના હિત માટે અમુક લોકોને ભડકાવી રહ્યા છે. સમાન નાગરિક સંહિતાનો અર્થ છે દેશના તમામ નાગરિક માટે એક સમાન કાયદો હોવો, જે ધર્મ પર આધારિત ન હોય.

## તંત્રી લેખ

# કટોકટીમાં અભિવ્યક્તિની સ્વતંત્રતાનું દમન

*આજકાલ વિપક્ષો બૂમરાણ મચાવી રહ્યા છે કે લોકતંત્ર અને બંધારણ ખતરામાં છે અને અસહમતિના અવાજને દબાવવામાં આવી રહ્યો છે. આવું કહેનારાઓમાં વળી કોંગ્રેસ સૌથી આગળ છે! એવામાં એ યાદ કરી લેવું જરૂરી છે કે જ્યારે ૨૫ જૂન, ૧૯૭૫ની રાત્રે કટોકટી લાદી દેવામાં આવી ત્યારે દેશમાં શું-શું થયું હતું? ઈન્દિરા ગાંધીની કટોકટી સ્વતંત્ર પ્રેસ માટે એ સમયનો કોરોના કાળ સાબિત થઈ હતી. એ દોરમાં મુખ્ય રાષ્ટ્રીય અખબારોના કાર્યાલય દિલ્હીના જે બહાદુરશાહ જફર માર્ગ પર હતા, ત્યાંની વીજળી કાપી નાખવામાં આવી, જેથી બીજા દિવસે અખબારો પ્રકાશિત ન થઈ શકે. જે અખબારો છપાઈ ગયાં, તેનાં બંડલો જપ્ત કરી લેવામાં આવ્યાં. ફેરિયાઓ પાસેથી અખબારો છીનવી લેવામાં આવ્યા. આદેશ હતો વીજળી કાપી નાખો, મશીન અટકાવી દો, બંડલો છીનવી લો. ૨૬ જૂનની બપોર સુધી પ્રેસ સેન્સરશિપ લાગુ કરીને અભિવ્યક્તિની આઝાદીને કચડી નાખવામાં આવી. અખબારોની ઓફિસોમાં અધિકારીઓ બેસાડી દેવામાં આવ્યા. સેન્સર અધિકારીની અનુમતિ વિના અખબારોમાં રાજકીય સમાચાર છાપી નહોતા શકાતા.*

*જ્યારે માહિતી અને પ્રસારણ મંત્રી ઈન્દ્રકુમાર ગુજરાલ સરકારને અનુકૂળ મીડિયાને નિયંત્રિત ન કરી શક્યા તો તેમને હટાવીને વિદ્યાચરણ શુક્લાને નવા મંત્રી બનાવવામાં આવ્યા. ૫૦થી વધારે પત્રકારો, ફોટોગ્રાફરોની સરકારી માન્યતા રદ્દ કરી દેવામાં આવી. પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને ભંગ કરી દેવામાં આવી. આવકવેરા અને વીજળીના બાકી બિલના બહાને અખબારો પર છાપા મારવામાં આવ્યા. બેંકોને લોન આપવાથી અટકાવી દેવામાં આવી. કેટલાક અખબારોનું પ્રબંધન સત્તા સમર્થક લોકોના હાથમાં સોંપવાનો પણ પ્રયાસ થયો. કેટલાક અખબારોએ સેન્સરશિપના વિરોધમાં સંપાદકીય સ્થાનને ખાલી છોડી દીધું. તેમના સંપાદકોની ધરપકડ કરી લેવામાં આવી. એ સમયે થોડા પત્રકારો-અખબારોને છોડીને મોટાભાગના સરકાર સામે ઘૂંટણિયે પડી ગયા. સેન્સરશિપને કારણે જે.પી. સહિત અન્ય કયા કયા નેતા ક્યારે ધરપકડ કરાઈ, તેમને કઈ કઈ જેલોમાં રાખવામાં આવ્યા, આ સમાચાર છપાવા ન દેવામાં આવ્યા. ત્યાં સુધી કે સંસદ અને ન્યાયાલયની કાર્યવાહી પર પણ સેન્સરશિપ લાગુ કરી દેવામાં આવી. સંસદમાં જો કોઈ સદસ્યએ કટોકટીકાળ, વડાપ્રધાન કે સેન્સરશિપ વિરુદ્ઘ ભાષણ આપ્યું, તો તે ક્યાંય છપાઈ શકતું ન હતું. માકપા નેતા નાંબુદ્રીપાદે વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને પત્રમાં લખ્યું હતું કે આઝાદીના આંદોલનમાં અંગ્રેજોએ વિરોધી નેતાઓનાં નામ અને નિવેદન છાપવા પર રોક નહોતી લગાવી. તેમનો એ પત્ર ક્યારેય છપાઈ ન શક્યો. ન્યાયાલયમાં સરકાર વિરુદ્ઘ આપવામાં આવેલ નિર્ણયોને છાપવાની પણ મનાઈ હતી. આ વિટંબણા હતી કે જે ઈન્દિરા ગાંધીએ ૧૯૭૫માં પ્રેસ સેન્સરશિપ લાગુ કર્યું, તેમના જ પતિ ફિરોજ ગાંધી પ્રેસની આઝાદી અને વિચારોની સ્વતંત્રતા માટે લડતા રહ્યા. આઝાદી બાદ પ્રારંભિક વર્ષોમાં સંસદીય કાર્યવાહીને છાપવા પર અનેક પ્રતિબંધો લગાવી દેવાયા હતા અને તેનું ઉલ્લંઘન કરવા પર પત્રકારો પર કેસ ચલાવી શકાતો હતો. ફિરોજ ગાંધીના પ્રયાસથી આ પ્રતિબંધ હટ્યો. ઈન્દિરા ગાંધીએ ૧૯૭૨-૭૩માં પણ અખબારોની આઝાદી પર અંકુશ લગાવવાનો પરોક્ષ પ્રયાસ કર્યો હતો. એ દિવસોમાં ન્યૂઝપ્રિન્ટ આયાત કરવામાં આવતી હતી અને સરક્યુલેશનના આધાર પર તેનો ક્વોટા નિર્ધારિત થતો હતો ૧૯૭૨-૭૩માં ન્યૂઝપ્રિન્ટ પોલિસી અંતર્ગત સરકારે નવા પ્રતિબંધો લગાવી દીધા. તેમના અનુસાર કોઈ સમાચારપત્ર સમૂહ બેથી વધારે અખબાર કે નવાં સંસ્કરણ કાઢી શકતા નહોતા, અખબાર દસ પાનાંથી વધારેનાં ન હોઈ શકે. સમૂહની અંદર ક્વોટાની અદલા-બદલી નહોતી થઈ શકતી. આ મામલે ઈન્દિરા સરકારને સુપ્રીમ કોર્ટમાં પછડાટ મળી. સરકાર કટોકટીના અત્યાચારોના સમાચાર વિદેશી અખબારોમાં છપાવાથી નહોતી રોકી શકતી. ઈન્દિરા ગાંધી વિદેશી પત્રકારોથી નારાજ હતાં. લોકો વિશ્વસનીય સમાચાર માટે આકાશવાણીને બદલે બીબીસી પર ભરોસો કરવા લાગ્યા હતા. ભારતમાં બીબીસીના મુખ્ય સંવાદદાતા માર્ક ટુલીને ૨૫ કલાકની અંદર દેશ છોડવા માટે મજબૂર કરવામાં આવ્યા. ટાઈમ, ન્યૂઝ વીક, ધ ડેલી ટેલીગ્રાફના પત્રકારોએ પણ ભારત છોડવા માટે મજબૂર કરવામાં આવ્યા. ટાઈમ, ન્યૂઝ વીક, ધ ડેલી ટેલિગ્રાફના પત્રકારોએ પણ ભારત છોડવું પડ્યું. સરકાર પર કટાક્ષ કરનારા કાર્ટન, વ્યંગ્ય, જોક્સ પણ સેન્સરના મારથી બચી ન શક્યા. વ્યંગચિત્રોની પ્રસિદ્ઘ પત્રિકા 'શંકર્સ વીકલી'એ પ્રકાશન બંધ કરવું પડ્યું. વીકલીએ અંતિમ સંપાદકીયમાં લખ્યું - 'તાનાશાહી ક્યારેય હાસ્ય સ્વીકારી શકતી નથી, કારણ કે ત્યારે લોકો તાનાશાહ પર હસશે.'*

# રાહુલ ગાંધીને દરેક વસ્તુનો વિરોધ કરવાની ટેવ પડી ગઈ છેઃ ગૃહમંત્રી અમિત શાહ



ગૃહમંત્રી અમિત શાહે સરકારની દરેક પહેલનો વિરોધ કરવા બદલ રાહુલ ગાંધીની ટીકા કરી હતી અને કહ્યું હતું કે, સતત આમ કરવાથી કોંગ્રેસના પૂર્વ સાંસદમાં વિરોધ કરવાની આદત પડી ગઈ છે. અમિત શાહે કહ્યું કે, તેઓ (રાહુલ ગાંધી) દરેક બાબતનો વિરોધ કરે છે પછી તે કલમ ૩૭૦ હોય, રામ મંદિર હોય કે ટ્રિપલ તલાક હોય. આમ કરવાથી, તેઓએ પોતાની અંદર કોઈપણ વસ્તુનો અને દરેક વસ્તુનો વિરોધ કરવાની આદત વિકસાવી છે. બિહારના પટનામાં તાજેતરમાં થયેલી વિપક્ષની બેઠકને માત્ર "ફોટો સેશન" તરીકે ગણાવી કટાક્ષ મારતા અમિત શાહે જણાવ્યું હતું કે, તેમના તમામ પ્રયત્નો છતાં, ૩૦૦થી વધુ બેઠકો સાથે વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીનો ત્રીજો કાર્યકાળ પૂર્વનિર્ધારિત છે. જમ્મુમાં યોજાયેલી એક રેલીમાં અમિત શાહે વિપક્ષને આડે હાથ લેતા કહ્યું કે, આજે, પટનામાં ફોટો સેશન ચાલી રહ્યું છે. વિરોધ પક્ષોના નેતાઓ ભેગા થયા છે. તેઓ સંદેશ આપવા માગે છે કે તેઓ ભાજપ, એનડીએ અને મોદીજીને પડકાર આપશે. તેમના પ્રયત્નો છતાં તેમની વચ્ચે એકતા શક્ય નથી અને જો તેઓ એકતા બનાવે અને જનતામાં જાય, તો પણ મોદીજી ૩૦૦થી વધુ બેઠકો સાથે ફરીથી વડાપ્રધાન બનશે એવો મને વિશ્વાસ છે.

ભાજપના દિગ્ગજ નેતાએ કોંગ્રેસ પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, વિરોધ પક્ષોની એસેમ્બલી એ જાહેરમાં ઘોષણા કરી છે કે ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હરાવવા માટે કોંગ્રેસની ક્ષમતાઓ અપૂરતી છે. આ સાથે શાહે ત્રણ પરિવાર-ગાંધી,અબ્દુલ્લા અને મુફતીઓ પર પણ શાબ્દિક પ્રહારો કર્યા હતા. આ ત્રણેય પટના બેઠકમાં હાજર હતા અને તેમના પર ૧૯૪૭ અને ૨૦૧૪ વચ્ચે જમ્મુ અને કાશ્મીરમાં ૪૨ હજાર લોકોની હત્યા માટે જવાબદાર હોવાનો આરોપ લગાવ્યો હતો.

અમિત શાહે કહ્યું કે, મેડમ મુફતી અને અબ્દુલ્લા સાહેબ, હું તમને યાદ અપાવવા માંગુ છું કે યુપીએ સરકારના ૧૦ વર્ષના શાસન દરમિયાન, આતંકવાદની ૭,૩૨૭ ઘટનાઓ બની હતી. જ્યારે અમારા નવ વર્ષના સમયગાળામાં આ સંખ્યા ઘટીને માત્ર ૨,૩૫૦ રહી છે. આનો અર્થ આંતકવાદમાં ૭૦% સુધીનો ઘટાડો થયો છે. કેન્દ્રમાં મોદી સરકારના નવ વર્ષના શાસનની સિદ્ધિઓ પર પ્રકાશ પાડતા શાહે કહ્યું કે, "મોદીજીનું શાસન ખુલ્લી પુસ્તક જેવું છે. યુપીએના રૂ. ૧૨ લાખ કરોડના કૌભાંડ જેવું નથી. મોદીજી પર તેમના નવ વર્ષના શાસન દરમિયાન ભ્રષ્ટાચારનો એક પણ આરોપ લાગ્યો નથી. તેમણે આગળ કહ્યું કે, ભાજપે જમ્મુ અને કાશમીરમાં આતંકવાદને ઘેરી લીધો છે અને આજે "આતંક મરણ પથારી પર છે."

શાહે જણાવ્યું કે, યુપીએના દસ વર્ષના શાસનમાં ૭,૩૨૭ આતંકવાદી ઘટનાઓ બની હતી. મોદીજીના નવ વર્ષના શાસનમાં આતંકવાદ તેની સૌથી નીચી સપાટીએ પહોંચ્યો છે. કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછીના ૪૭મહિનામાં, હડતાલના માત્ર ૩૨ કોલ આવ્યા હતા જ્યારે પથ્થરબાજીમાં ૯૦% ઘટાડો થયો છે. ત્રશ્દ્ધના યુવાનોએ હવે પત્થરોની જગ્યા લેપટોપ અને પુસ્તકોને આપી છે. શાહે કહ્યું હતું કે, માત્ર ૨૦૨૨માં જ ૧.૮૮ કરોડ પ્રવાસીઓએ ત્રશ્દ્ધની મુલાકાત લીધી હતી. ૨૨ અને ૨૫ મે વચ્ચે ત્રશ્દ્ધમાં આયોજિત સફળ ૨૨૦ સમિટ પણ આ પ્રદેશમાં શાંતિના શાસનની સાક્ષી આપે છે.

## કુલ ૯ બોલી એવી હતી જે ૧ લાખ રૂપિયાને પાર ગઈ હતી

# ૧ કરોડની ગાડીઓના નંબર લેવા ૪૪ લાખ રૂપિયા ખર્ચ્યા

અમદાવાદ

શોખ બડી ચીઝ હૈ', આ વાક્ય અમદાવાદના બિઝનેસમેન માટે બરાબર બંધ બેસે છે. ગાડીઓની વાત આવે ત્યારે બિઝનેસમેન મિહિર દેસાઈ જેમ્સ બોન્ડ બની જાય છે. હાલમાં જ તેમણે **Audi Q5** અને ફોર્ચ્યુનર સિગ્મા ૪ ઓટોમેટિક કાર ખરીદી છે. બ્રિટિશ જાસૂસ જેમ્સ બોન્ડની જેમ ૩૮ વર્ષીય બિઝનેસમેન પણ મનગમતું મેળવવા માટે પાણીની જેમ રૂપિયા વાપરવામાં માને છે. તેમણે નવી ગાડીઓના નંબર ૦૦૦૭ અને ૦૦૦૯ મેળવવા માટે અનુક્રમે ૨૧.૮૨ લાખ અને ૨૨.૦૮ લાખ રૂપિયા ખર્ચ્યા છે. સિક્રેટ સર્વિસ એજન્ટ જેમ્સ બોન્ડનો કોડ નંબર ૦૦૦૭ છે જ્યારે ૦૦૦૯ અન્ય એક ઈન્ટેલિજન્સ ઓફિસરનો કોડ નંબર છે. મિહિર દેસાઈએ પોતાની ગાડીઓ ખરીદવા પાછળ ૧ કરોડ રૂપિયા ખર્ચ્યા જ્યારે પોતાની પસંદગીના નંબર મેળવવા માટે ૪૪ લાખ રૂપિયા વાપર્યા છે. **GJ-01-WM** સીરીઝની હરાજી ખૂબ રસપ્રદ રહી હતી.

૬૩૦ કન્ટેન્ડરોએ ભાગ લીધો હતો અને બધા જ પોતાના લકી નંબર મેળવવા માટે મથી રહ્યા હતા. આ મહિનાની શરૂઆતમાં જ **RTO**ને હરાજી થકી ૧.૩૩ કરોડ રૂપિયાની કમાણી થઈ હતી. જ્યારે મેં પહેલીવાર કાર ખરીદી ત્યારે મને ૦૦૦૭ અને ૦૦૦૯ નંબર મળ્યા હતા. ટૂંક સમયમાં જ આ નંબરો મારી ઓળખ સાથે વણાઈ ગયા હતા. જે લોકો મને જાણે છે તેઓ મારી કારના નંબર પરથી મને ઓળખી જતા હતા. પછી જ્યારે મેં નવા વાહનો ખરીદ્યા ત્યારે આ જ નંબરો રાખવાનું નક્કી કર્યું. મને આ જ નંબરો મળે તે માટે હું શો-રૂમના સ્ટાફને પણ ખાસ સૂચનો કરતો હતો", તેમ સિંધુભવન વિસ્તારમાં રહેતા મિહિર દેસાઈએ જણાવ્યું. મિહિર દેસાઈ આ નંબરો મેળવવા મક્કમ હતા અને સિક્રેટ એજન્ટ જેવી કુશળતા તેમનામાં દેખાતી હતી. પોતાના મનગમતા નંબર મેળવવાના મિશન પર નીકળેલા મિહિર દેસાઈએ પોતાના 'દુશ્મનો' એટલે કે પ્રતિસ્પર્ધીઓને છેલ્લી ઘડીએ પોતાની રણનીતિથી હરાવી દીધા હતા. તેમણે ૩.૫૯.૨૫ કલાકે પોતાની બોલી લગાવી હતી અને બીજા બીડરને ઝટકો આપ્યો હતો. તેમણે લગાવેલી બોલી એટલી ઊંચી હતી કે, બીજો બીડર આગળ બોલી લગાવી જ ના શક્યો.

### સૌથી વધુ બારડોલીમાં ૬ ઈંચથી વધારે ખાબક્યો

# ૨૪ કલાકમાં ગુજરાતના ૧૨૬ તાલુકામાં વરસાદ

### હવામાન વિભાગ દ્વારા સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે

અમદાવાદ

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં (૨૮મીની સવાર સુધીમાં) રાજ્યના ૧૨૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમા સૌથી વધુ ૬ ઈંચ વરસાદ બારડોલીમાં નોંધાયો છે. તો બીજી બાજુ સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના આંકડા પ્રમાણે, રાજ્યમાં આજ સવારે ૬.૦૦ કલાક પહેલાના ૨૪ કલાક દરમિયાન ૧૨૬ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમા સૌથી વધુ સુરતના બારડોલીમાં સૌથી વધુ ૬ ઈંચ વરસાદ ખાબક્યો હતો. સુરતના મહુવા અને તાપીના વાલોદમાં સાડા પાંચ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. નવસારીમાં સવા પાંચ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત વલસાડના પારડી, ખેરગામ, ચિખલી, ધરમપુર, સુરત, ડોલવાણ, મુંદ્રા, ધોધા, કામરેજ, વલ્લભીપુર, વાપી, કપરાડા, નેત્રંગ, ઉમરપાડા, સોનગઠમાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. દક્ષિણ ગુજરાતમાં વરસાદનું આગમ થઈ ચુક્યું છે. ત્યારે



ડાંગ જિલ્લામાં માત્ર ૩ ઈંચ વરસાદને પગલે ઘાટ માર્ગ પર પથ્થર પડવાની ઘટના પણ સામે આવી છે. સાપુતારા ઘાટ માર્ગમાં પથ્થર પડવાથી માર્ગ મકાન વિભાગ હરકતમાં આવ્યું છે. સામાન્ય વરસાદમાં પથ્થરો પડવાની ઘટનાઓ બની રહી છે તો સવાલ એ છે કે, ભારે વરસાદ આવશે ત્યારે કેવી સ્થિતિનું નિર્માણ થશે તે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

મહત્વનું છે કે, ગત ચોમાસામાં ભેખડ ધસી પડવાથી ૬ મહિના સુધી માર્ગ બંધ રાખવાની ફરજ પડી હતી. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ પણ થઈ શકે છે. જેમકે વલસાડ, નવસારી, દમણ, દાદરા નગરહવેલીમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. આ સાથે દક્ષિણ ગુજરાતમાં સુરત, ભરૂચ, ડાંગ, તાપીમાં ભારે વરસાદ પડી શકે છે. તેમણે વધુમાં જણાવ્યુ કે, સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ આગામી ૫ દિવસ વરસાદ રહેશે. સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, રાજકોટ, કચ્છ, પોરબંદર અને જૂનાગઢમાં ભારેથી અતિભારે વરસાદ થવાની આગાહી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, અમદાવાદમાં પણ સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. જોકે, શહેરમાં થોડા વરસાદે પણ તંત્રની પોલ ખોલી નાંખી છે. સામાન્ય વરસાદમાં જ અનેક વિસ્તારોમાં પાણી પાણી થઈ જાય છે.

### સમગ્ર દક્ષિણ ગુજરાતમાં અનરાધાર વરસાદ

# અનરાધાર વરસાદ બન્યો આફતરૂપ, તો ઘણા વિસ્તારોમાં પાણી જ પાણી

### સુરતના મોટાભાગના વિસ્તારમાં પાણી ભારાતા મનપાની પ્રિમોનસૂન કામગીરીની પોલ ખુલ્લી ગઈ છે

અમદાવાદ : સમગ્ર દક્ષિણ ગુજરાતમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. જો કે અનરાઘાર વરસાદે સુરતના શહેરીજનોની મુશ્કેલી વધારીછે. સુરતમાં ભારે વરસાદે મનપાની પોલ ખોલી દીધી છે. પાંડેસરા વિસ્તારમાં રોડ બેસી જતા વાહન ચાલકો હાલાકી ભોગવી રહ્યાં છે. આ વિસ્તારમાં રોડ બેસી જતાં નોવા કોમ્પ્લેક્સ પાસે રોડ બેસી જતા ટેમ્પો ફસાઈ હતો. સુરતના મોટાભાગના વિસ્તારમાં ઘૂંટણસમા પાણી ભરાયા છે. કામરેજ ચાર રસ્તા પર ભરાયા ઘુંટણસમા પાણી ભરાયા છે. હાઈવે પરના સર્વિસ રોડ પર ભરાયા પણ વરસાદી પાણી ભરાતા વાહન ચાલકોને હાલાકી ભોગવી રહ્યાં છે. સુરતના મોટાભાગના વિસ્તારમાં પાણી ભારાતા મનપાની પ્રિમોનસૂન કામગીરીની પોલ ખુલ્લી ગઈ છે. કરોડોના ખર્ચે નાંખેલી ગટર લાઈનની કામગીરી પર પણ સવાલ ઉઠી રહ્યાં છે. પાંડેસરા, ઉધના દરવાજા વિસ્તારમાં પણ ઘૂંટણસમા પાણી ભરાયા છે. દક્ષેશ્વર મંદિર વિસ્તાર,જુની સબ જેલ વિસ્તાર પાણી પાણી થઈ જતાં ઓફિસે જતા નાગરિકોને હાલાકી પડી રહી છે.મંગળવારે રાત્રે વરસેલા વરસાદે સુરત મનપાના પ્રિમોનસૂન પ્લાનની પોલ ખોલી દીધી છે. અહીં લીબાયત વિસ્તારો વરસાદી પાણી ભરાતા જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. લીંબાયત મીઠીખાડીમાં ઘુંટણ સુધીના પાણી ભારાયા છે. કડોદરા ચોકડી નજીકના નીચાણવાળા વિસ્તારો જળમગ્ન થયા છે. ચામુંડા હોટલ, આસપાસની દુકાનોમાં પાણી ભરાઈ જતાં વેપારીઓની પણ મુશ્કેલીમાં વધારો થયો છે. વલસાડ જિલ્લામાં સવારથી જ વરસાદી માહોલ જામ્યો છે. કૈલાશ રોડ, તિથલ રોડ વિસ્તારમાં વરસાદ વરસી રહ્યો છે. વલસાડના માર્કેટ વિસ્તારમાં પણ ભારે વરસાદના કારણે પાણી ભરાયા છે. તાપી જિલ્લામાં પણ વાદળછાયા વાતાવરણ વચ્ચે મેઘરાજાએ એન્ટ્રી કરી છે. વ્યારા, વાલોડ સહિતના વિસ્તારોમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે.છેલ્લા ૨૪ કલાકમાં તાપીના વાલોડમાં પોણા પાંચ ઈંચ અને તાપીના વ્યારામાં ચાર ઈંચ વરસાદ પડ્યો છે.

ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં સિઝનનો ૧૫.૦૧ ટકા વરસાદ વરસ્યો છે. કચ્છ જિલ્લામાં સૌથી વધુ ૬૯.૪૭ ટકા વરસાદ વરસ્યો પડ્યો છે. ઉત્તર ગુજરાતમાં ૨૦.૯૩ ટકા અને સૌરાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૨૧.૭૩ ટકા વરસાદ વરસ્યો છે. રાજ્યના ભારે વરસાદના કારણે ૬ ડેમ એલર્ટ પર છે

## સુરતની મહિલાએ ૮,૦૦૦થી વધુ મહિલાઓને બનાવી આત્મનિર્ભર

સુરત

જીવનમાં કંઈક વિશેષ અને અનોખું કરવાનો ઈરાદો હોય તો દિશા મળી જ જાય છે. આ વાક્યનેસુરતના જ્યોતિબેન પરસાણાએ સાર્થક કરી બતાવ્યું છે.

જ્યોતિબેનેબ્યુટીશનના કોર્સ થકીછેલ્લા બે દાયકામાં ૮૦૦૦થી વધુ મહિલાઓને આત્મનિર્ભર બનાવી છે. નોંધવા જેવી વાત એ છે કે આ કોર્સવરાછા રોડની જાણીતી જે.ડી.ગાભાણી પુસ્તકાલયમાંચલાવવામાં આવે છે. જ્યોતિબેન કોલેજનો અભ્યાસ પૂર્ણ કરીને ૧૯૯૭માં લગ્ન કરી સુરત સ્થાયી થયા. સુરત આવ્યા બાદ આર્થિક રીતે પતિની મદદ કરવા માટે જ્યોતિબેન પોતાના એક પુત્ર સાથે લઈને બ્યુટીશનનો કોર્સ શીખ્યા. કોર્સ પૂરો કર્યા બાદ તેઓબ્યુટીશનના નાના મોટા કામ કરીને આર્થિક રીતે પગભર બન્યા હતા. આની સાથે તેમણે નેચરોપેથિકનો પણ અભ્યાસ કરી આ કોષને વધુ એક દિશા આપી હતી. ત્યારબાદ તેમણે જે.ડી.ગાભાણી પુસ્તકાલયમાંનોકરી મેળવીને હજારો બહેનોને બ્યુટીશનનો કોર્સ નજીવા દરે શીખવ્યો છે. બજારમાં આહજારોરૂપિયાલઈને આ કોર્સશીખવવામાં આવે છે.પરંતુ આ લાઈબ્રેરીમાં સામાજિક સેવાના ભાગરૂપે તદન નજીવા દરે મહિલાઓને ટ્રેનિંગ આપવામાં આવે છે. બે દાયકા સુધી જ્યોતિબેન એ આ પુસ્તકાલયમાં બ્યુટીશનનો કોર્સ કરાવી રહ્યા છે.જેમાં તેમણે અનેક મહિલાઓને આત્મનિર્ભર બનાવી.અહી શીખીને ગયેલ મહિલાઓ પોતાના પાર્લર શરૂ કરી પગભર બની રહી છે.વિદેશમાં પણ અનેક મહિલાઓએ પોતાના સલૂન શરૂ કર્યા છે. દુબઈ, અમેરિકા, કેનેડા, ન્યુઝીલેન્ડ,સહિતના મોટા દેશોમાં સલૂન શરૂ કરનારી મહિલાઓ જ્યોતિબેન અને જે.ડી. ગાભાણીના માર્ગદર્શન હેઠળ તૈયાર થઈ હોવાનો હાલ તેઓ ગર્વ અનુભવી રહ્યા છે. જે.ડી.ગાભાણી પુસ્તકાલયમાં વાંચન સાથે બીજી અનેક હેતુલક્ષી પ્રવૃત્તિઓ કરવામાં આવી છે. જેના ભાગરૂપે મહિલાઓને આત્મનિર્ભરબનાવવા માટે બ્યુટીશનનો કોર્સ પણ કરાવવામાં આવે છે. જેમાં જ્યોતિ બહેન બ્યુટીશન કોર્સ શીખવાનું કામ કરે છે.

## સેલવાસની હોટલમાં યુવક-યુવતીએ કરેલી આત્મહત્યા

વાપી

સેલવાસ ચારરસ્તા નજીક આવેલી હોટલ નટરાજની રૂમમાંથી યુવક અને યુવતિની ભેદી સંજોગોમાં લાશ મળી આવતા પોલીસ અધિકારી સહિતનો કાફલો પહોંચી ગયો હતો. બેડરૂમમાં યુવકે પંખા સાથે ફાસો ખાય આપઘાત કર્યો તો યુવતિની બેડ પરથી લાશ મળી આવી હતી.

પ્રાપ્ત માહિતિ અનુસાર સેલવાસ ચાર રસ્તા નજીક આવેલી હોટલ નટરાજની રૂમમાંથી ગઈકાલે મંગળવારે યુવાનની પંખા સાથે ફાસો ખાધેલી હાલતમાં અને યુવતિની બેડ પરથી ભેદી સંજોગોમાં લાશ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. બન્ને યુવક યુવતિ હોટલની રૂમમાં રોકાયા હતા. હોટલના કર્મચારીએ સર્વિસ આપવા દરવાજો વારંવાર ખટખટાવવા છતાં કોઈ જવાબ નહી મળતા મેનેજરને જાણ કરી હતી. બાદમાં પોલીસને જાણ કરાતા પીએસઆઈ અનિલ ટી.કે અને ટીમ દોડી ગયા બાદ દરવાજો ખોલી અંદર જતા યુવક અને યુવતિની લાશનો કબજો લીધો હતો.

આ ઘટનાને પગલે ભારે ચકચાર મચી ગઈ હતી. ગંભીર ઘટનાને લઈ જિલ્લા પોલીસવડા અને એસડીપીઓ પણ ઘટના સ્થળે દોડી ગયા હતા.

પોલીસે બન્ને મૃતકની લાશનો કબજો લઈ પી.એમ. માટે મોકલી દીધી હતી. તપાસ દરમિયાન યુવતિ સેલવાસની હોવાની ઓળખ થઈ હતી પણ યુવાનની ઓળખ થઈ નથી.

### મૃતકોમાં પતિ-પત્ની અને બાળક, પોલીસ તપાસ શરૂ

# બનાસકાંઠાના થરા પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં ૩નાં મોત

### પાલનપુર આબુરોડ હાઈવે ઉપર ઈકબાલગઢ ગામ નજીક પીકઅપ ગાડીનું આગળનું ટાયર નીકળી જતા ગાડી પલટી મારી ગઈ હતી



બનાસકાંઠા

થરા નેશનલ હાઈવે પાસે કાર અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. મંગળવારે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૩ લોકોના મોત થયાના અહેવાલ છે. મૃતકો એક જ પરિવારના હોવાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર પતિ-પત્ની અને બાળકનું ઘટનાસ્થળે જ મોત થતાં ચકચાર મચી ગઈ છે. બનાવની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને પોલીસ તેમજ એમ્બ્યુલન્સને જાણ કરતા ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ત્રણેયને મૃત જાહેર કરાયા બાદ પોલીસે ત્રણેયના મૃતદેહોને નજીકની થરા રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડીને આકસ્મિક મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. મીડિયા રિપોર્ટ અનુસાર મૃતકોની ઓળખ પિતા વેરસીજી વરસંગજી ઠાકોર, માતા ભાનુબેન ઠાકોર અને પુત્રી તેજલ ઠાકોર તરીકે થઈ છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે થરા પાસે નેશનલ હાઈવે પર બાઈક અને સ્વિફ્ટ કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં બાઈક સવાર પતિ-પત્ની અને પુત્રીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે. અકસ્માતના પગલે લોકોનું ટોળું જમા થઈ ગયું હતું.

બનાવને પગલે ઠાકોર સમાજમાં શોકનો માહોલ છે. મીડિયા રિપોર્ટ અનુસાર પાલનપુર આબુરોડ હાઈવે ઉપર ઈકબાલગઢ ગામ નજીક પીકઅપ ગાડીનું આગળનું ટાયર નીકળી જતા ગાડી પલટી મારી ગઈ હતી. જેથી ગાડીમાં ભરેલું શાકભાજી રોડ ઉપર પથરાઈ ગયું હતું. બનાવ બાદ ડ્રાઈવર ગાડીમાં ફસાઈ જતા સ્થાનિક લોકોએ ભારે જહેમત બાદ નીકાળી સારવાર અર્થે નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટનાને પગલે રોડ પર થોડા સમય માટે ટ્રાફિકજામ પણ સર્જાયો હતો. અંબાજી જતા રોડ પર આવેલા દાંતા તાલુકામાં સળગતી બાઈકની એક ઘટના સામે આવી છે.

બાઈકમાં આગ લાગતા થોડા સમયમાં તે બળીને ખાખ થઈ ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર દાંતા તાલુકામાં આવેલા ખાઈવાડ ગામના ટર્નિંગમાં સળગતી હાલતમાં બાઈક મળી આવી. આ બાઈકમાં આગ કયા કારણોસર લાગી તે હજી અકબંધ છે. બાઈકમાં આગ લાગવાની ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. ઉલ્લેખનીય છે કે, ગત અઠવાડિયે મહેસાણાના ચૌધરી પરિવારના ૫ સભ્યો કાર લઈને રાજસ્થાન સ્થિત રણુજા દર્શન ખાતે રવાના થયા હતા. જો કે, સાંજે ૪ વાગ્યાની આસપાસના બાડમેર નજીક તેમની કારની સામેથી આવી રહેલી સ્કોર્પિયો સાથે જોરદાર ટક્કર થઈ હતી. જેમાં અર્ટિગા કારમાં સવાર પમાંથી ૩ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. આ ગંભીર અકસ્માતમાં બંને કારમાં ઈજાગ્રસ્ત થયેલા લોકોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, ત્રણેય મૃતકો મહેસાણાના ખેરાલુ તાલુકાના વતની અને કૌટુંબિક ભાઈઓ હતા. પોસ્ટમોર્ટમ કર્યા બાદ પોલીસે ત્રણેય મૃતદેહ વતન મોકલ્યા હતા, જ્યાં અંતિમ સંસ્કાર વખતે આખું ગામ હિબકે ચડ્યું હતું. રાજકોટમાં પણ ફુલ સ્પીડમાં આવતા એક ડમ્પરની અડફેટે મહિલા ડોક્ટરનું મોત થયાની ઘટના તાજેતરમાં જ બની હતી. જેમાં નોકરી પરથી એક્ટિવા પર નીકળેલી મહિલા ડોક્ટરને ડમ્પરે ટક્કર માર્યા બાદ અડફેટે લેતા માથા સહિતના ભાગોમાં ગંભીર ઈજાઓ થતાં મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

### વાવાઝોડા બાદ બેહાલ થયેલા

# કંડલાના માછીમારો બે પાંદડે થવાનો કરી રહ્યા છે પ્રયાસ



કચ્છ

બિપોરજોય વાવાઝોડાએ કચ્છમાં મચાવેલી તબાહી બાદ હવે જનજીવન ફરી પાછું પાટે ચડી રહ્યું છે. પરંતુ કચ્છના દક્ષિણ છેડે આવેલા કંડલાને આ વાવાઝોડાએ ૧૯૯૮ની કરુણ યાદો તાજી કરાવી છે. ૨૫ વર્ષ પહેલાં કંડલામાં ત્રાટકેલા વાવાઝોડા બાદ આ વર્ષે ફરી આ વાવાઝોડાથી કંડલાના માછીમારો બેહાલ થયા છે. ફરી એકવખત પોતાના કાચા મકાનો ગુમાવ્યા બાદ માછીમારો ફરી એક વખત પાટીયું જોડી પોતાના ઘર ઊભા કરી રહ્યા છે. ૧૯૯૮ના કંડલા વાવાઝોડામાં માછીમારોએ પોતાના અનેક સ્વજનો ગુમાવ્યા હતા. તો ખાડી વિસ્તારમાં છીછરા દરિયાઈ પાણી વચ્ચે લાકડાના પાયા પર ઊભા કરેલા બધા જ મકાનો નષ્ટ થયા હતા. આ વર્ષે કચ્છના જખૌ બંદર નજીક ત્રાટકેલા બિપોરજોય વાવાઝોડાની અસર પણ કંડલામાં વર્તાઇ હતી. આ વર્ષે કોઈ માનવ મૃત્યુ નોંધાયું નથી. પરંતુ છેલ્લા ૨૫ વર્ષમાં માછીમારોએ પોતાની મહેનત વડે ઊભા કરેલા ઘર બરબાદ થયા હતા. પોતાના તૂટેલા મકાન બહાર લાકડાના પાયા પર બેઠેલા માછીમાર ઈસ્માઈલભાઈએ ૧૯૯૮ના વાવાઝોડાને યાદ કરતા કહ્યું હતું કે, "છેલ્લા ૨૫ વર્ષમાં અમે જેટલો સમાન ભેગો કર્યો હતો એ બધો સામાન નીકળી ગયો છે. આ વખતે અમારી બોટ તો બચી ગઈ છે. પરંતુ તેને ઘણું નુકસાન પહોંચ્યો છે. જો સરકાર અમારી મદદ કરે તો જ હવે માછીમારો પાછા ઊભા થઈ શકે. દરિયાઈ ખાડીમાં આવેલી કંડલાની આ થર્મલ કોલોની ઝૂંપડપટ્ટીમાં દરિયાના પાણીથી બચવા લોકો લાકડાના પાયા પર પોતાના ઘર ઊભા કરે છે. વાવાઝોડામાં ભારે પવન અને વરસાદના કારણે અહીં એવી પરિસ્થિતિ સર્જાઈ હતી કે માછીમારોના આખેઆખા ઘર ઉડી ગયા હતા અને માત્ર પાયા જ બચ્યા હતા તો અનેક લોકોના ઘરના પાયા પણ તણાઈ ગયા હતા. વાવાઝોડા બાદ લોકો ખાડીમાં પોતાની તણાઈ ગયેલી વસ્તુઓ શોધી ઘરે લાવી પરત ઘર ઊભા કરી રહ્યા છે. વાવાઝોડામાં નુકસાન પામેલા પોતાની બોટને રીપેર કરતા માછીમાર સુલેમામદ કોરેજાએ જણાવ્યું હતું કે, "૧૯૯૮ના વાવાઝોડાથી અમે હજુ માંડ ઊભા થયા હતા ત્યાં ફરી આ વાવાઝોડું આવ્યું અને અને ફરી અમારી એ જ હાલત થઈ છે. હવે ફરી અમે અમારા ઘર અને બોટને ઉભા કરીએ છીએ. વરસાદ આવવા પર છે તે પહેલાં ઘરની છત ઊભી કરી લઈએ તો પલળતા બચી જશું. જૂન મહિનાની શરૂઆતથી જ માછીમારી બંધ હતી અને વાવાઝોડા પૂર્વે જ તંત્ર દ્વારા માછીમારો અને તેમના પરિવારોને સુરક્ષિત સ્થળ પર ખસેડતા એક પણ વ્યક્તિની મોત થઈ ન હતી. જો કે, શેલ્ટર હોમથી પરત આવતા આ લોકોને પોતાના તૂટેલા મકાનો કરતા વધારે દુઃખ પોતાની તૂટેલી આજીવિકા જોઈને થયું હતું. માછીમારોની આજીવિકા તેમની બોટોને વાવાઝોડામાં ઘણી નુકસાની પહોંચી હતી.

### ફરાર આરોપીની કડી પોલીસે ધરપકડ કરી

# યુવતી પર રેપ કરી યુવકે ગાડીમાંથી અર્ધનગ્ન હાલતમાં ફેંકી દીધી

### આર્યન ચાવડાએ લગભગ છ મહિના પહેલા ૧૯ વર્ષની મહિલા સાથે લિવ-ઈન એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા હતા

મહેસાણા

મહેસાણા જિલ્લાની કડી પોલીસે મંગળવારે પૂર્વ પ્રેમિકા પર બળાત્કાર અને હુમલો કરવાના આરોપમાં ૨૦ વર્ષીય યુવકની ધરપકડ કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર તેણે યુવતી સાથે બળાત્કાર કર્યા બાદ કડી-દેત્રોજ રોડ પર ચાલતી કારમાંથી ફેંકી દીધી હતી, કારણ કે તેણીએ તેની સાથે સંબંધ રાખવાની ના પાડી હતી. સમગ્ર મામલે પોલીસે આરોપી સામે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સમગ્ર મામલે મહેસાણાના એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આર્યન ચાવડાએ લગભગ છ મહિના પહેલા ૧૯ વર્ષની મહિલા સાથે મૈત્રી-કરાર (લિવ-ઈન એગ્રીમેન્ટ) પર હસ્તાક્ષર કર્યા હતા. અધિકારીના જણાવ્યા અનુસાર ચાવડા સામે તાજેતરમાં હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો હતો. જ્યારે મહિલાને આ વિશે જાણ થઈ, ત્યારે તેણે તેને કહ્યું કે તે તેની સાથે સંબંધ ચાલુ રાખશે નહીં. ચાવડા ૨૪ જૂનના રોજ સાંજે યુવતીને ઘરે ગયો હતો અને તેણીને કહ્યું હતું કે તે તેને છેલ્લી વાર મળવા માંગે છે ત્યારબાદ તે તેની સાથે કોઈ સંબંધ નહીં રાખે. જેથી પ્રેમિકા પણ તેને મળવા સંમત થઈ અને તેની એસયુવીમાં તેની સાથે ઘરેથી ગઈ. ચાવડા તેને કડીમાં એક કોલેજ નજીક એકાંત સ્થળે લઈ ગયો, જ્યાં તેણે તેના પર બળાત્કાર અને હુમલો કર્યો. ચાવડાએ તેના વાળ પણ કાપી નાખ્યા અને પછી તેને ચાલતી એસયુવીમાંથી અર્ધ નગ્ન અવસ્થામાં ફેંકી દીધી હતી. કડી પોલીસે જણાવ્યું હતું કે મહિલા રસ્તા પર અર્ધ નગ્ન હાલતમાં મળી હતી અને સ્થાનિક લોકો દ્વારા તેને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. બે દિવસથી નાસતા ફરતા ચાવડા સામે કડી પોલીસે બળાત્કારનો ગુનો નોંધ્યો છે. સોમવારે રાત્રે કડી પોલીસની ટીમે તેને કડી શહેરના કરણનગર રોડ પરથી પકડી લીધો હતો અને હવે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya